# નૂતન વર્ષના સ્વાગતે રમણીય રંગોળી




વિધિ ભરત શાહ, સૅક્ટર-૨ એ


શિવમ સુથાર, સૅક્ટર-૨૯


સાગર દેસાઈ, વાવોલ


સ્મિતા નિમાવત, સૅક્ટર-૬ બી


આરતી પટેલ, સૅક્ટર-૩ બી


ખ્યાતિ પંડ્યા, સૅક્ટર-૨૭

## @ગાંધીનગર

● પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ, દહેગામ પ્રેરિત 'સ્વામી વિવેકાનંદ યુવા મંચ' આયોજિત 'રમતોત્સવ ૨૦૧૫'નો કાર્યક્રમ પ્રાંતિયા, ગાંધીનગર ખાતે યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## જુસિકાએ નગરમાંથી વધુ એક ચક્ષુદાન મેળવ્યુ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરમાંથી જુનિયર સિટીઝન કાઉન્સીલે વધુ એક ચક્ષુદાન મેળવી તેને અમદાવાદ ચક્ષુબેંક ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યું હતું.

સેકટર-૨-એ પ્લોટ નં. ૨૭/૧ ખાતે રહેતા પીનાકીનબેન ત્રિવેદીનું ગત તા. ૧૨ નવેમ્બરના રોજ દુઃખ અવસાન થયું હતું. તેઓના કુટુંબીજન જવલંત ત્રિવેદીના સંમતિથી સ્વગર્સ્થના ચક્ષુઓનું દાન કરવામાં આવ્યું હતું. જયારે ચક્ષુદાન લેવા માટે તબીબી ક્ષેત્રે નિશાંતભાઈ, ડૉ. નિરવભાઈ તેમજ જુસીકાના કાર્યકર રાજુ વાઘેલા અને છત્રસિંહે સેવા પુરી પાડી હતી તથા સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ સીવીલ હોસ્પિટલના ચક્ષુબેંક ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય ગણપતભાઈ મકવાણા દ્વારા કરવામાં આવ્યું હતું.

## સે-૩ રામજીમંદિરે અન્નકૂટ ધરાયો

ગાંધીનગર, તા.૧૪

પ્રકાશ પર્વ દિવાળી અને નૂતન વર્ષનો તહેવાર અનેરા ઉમંગ અને ઉત્સાહ સાથે ઉજવાય છે. ધાર્મિક, સાંસ્કૃતિક અને પારિવારિક ઐકય ધરાવતા આ તહેવારમાં મંદિરોમાં ભગવાનને વિશિષ્ટ ભોગ અને અન્નકુટ ધરાવવાનું પણ મહાત્મ્ય હોય છે. આ શુભ પ્રસંગે ગાંધીનગરના સેકટર-૩-ડી સ્થિત રામજી મંદિર ખાતે સવારે ૭-૦૦ થી સાંજના ૭-૦૦ કલાક દરમિયાન રામસેવા ટ્રસ્ટ દ્વારા અન્નકુટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભકતોએ હાજર રહી અન્નકુટના દર્શનનો લાભ લીધો હતો.

## આર્ટ ઓફ લીવીંગ દ્વારા ગણપતિ પૂજા કરાઈ

ગાંધીનગર, તા.૧૪

આર્ટ ઓફ લીવીંગ દ્વારા ગત તા. ૧૧ નવેમ્બરના રોજ સવારે ૬.૩૦ થી ૯.૦૦ કલાક દરમિયાન રીક્રીએશન હોલ જીઈબી કોલોની ખાતે સામુહિક ગણપતિ પૂજા અને મહાલક્ષ્મી હોમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બેંગ્લોરના પંડિત ગણ દ્વારા મંત્ર,જપ, તપ, ઉપવાસ, દાન, ધ્યાન, પૂજા તથા હવન કરી મહાલક્ષ્મનીજીની આરાધના કરવામાં આવી હતી. આ પૂજા પાઠમાં મોટી સંખ્યામાં ભાવિક ભકતો ઉપસ્થિત રહી સહભાગી બન્યા હતા.

## વાતવાતમાં

● અરુણોદય સેવા ટ્રસ્ટ દ્વારા દિવાળીના તહેવાર નિમિત્તે સેકટરોમાં શ્રમજીવીઓને મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું.

● સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા દિવાળીના દિવસે શ્રમજીવી વિસ્તારમાં મિઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું.

● રાંધેજા પાસે મલ્ટીપ્લેક્ષ થિયેટર બનશે જેથી નગરના શોખીન ફિલ્મ રસિકોને નવીન થીયેટરનો લાભ મળશે.

● દિપાવલી અને નૂતન વર્ષ નિમિત્તે ઈન્ફોસિટી ખાતે કાર્યરત 'નિઓ પીઝા' ખાતે દરેક ગ્રાહકનું સ્વાગત કાજુ કતરી અને કાજુ અંજીર રોલથી મીઠું મોઢું કરાવીને કરવામાં આવ્યું હતું.

● નવા વર્ષમાંય પોલીસની ફિતરત તો જૂની જ રહી હતી. નવાં સૅકટર્સમાં નવા દિવસોમાં સાંજે લારીઓ ઉપર ભરચક્ક ગિરદી હોય એવા સમયે પણ પોલીસ કર્મચારીઓ લારીધારકો પાસેથી ખુલ્લેઆમ પૈસા ઉઘરાવતા નજરે ચડ્યા હતા, જેમની ઉપર લોકોએ ફિટકાર વરસાવ્યો હતો.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

## શહેરના ખાણી-પીણી બજારમાં નગરજનોની ભારે ભીડ

ગાંધીનગર, તા.૧૪

દિપાવલીના પાવન પર્વ નિમિત્તે શહેરમાં સાંજ ઢળતા જ ખાણી પીણી બજારમાં ભારે ભીડ જોવા મળે છે. હોટલ, રેસ્ટોરન્ટ, ફુડ સ્ટોલ સહિતના સ્થળો પર નગરના સ્વાદ શોખીનોને વેઈટીંગમાં ઉભું રહેવું પડે છે. દિવાળીના નાસ્તાથી કંટાળેલા નગરજનો સાંજ ઢળતા જ પોતાની મનગમતી ચીજવસ્તુઓ જમવા દોડી જાય છે. ખાણી પીણી બજારના વેપારીઓ પણ નગરજનોનો ધસારો જોઈ આગોતરુ આયોજન કરી લેતા હોય છે. રાત્રી બજારમાં જમવા માટે નગરજનોની અવરવજરથી વેપારીઓને બખ્ખા થઈ ગયા છે.

ધનતેરસથી લાભપાંચમ સુધીના દિવાળીના દિવસો દરમિયાન બહાલ જવાનો ટ્રેન્ડ ખુબ જ વધી જવા પામ્યો છે. દિવાળીમાં નીતનવો નાસ્તો તેમજ વાનગી બનાવીને કંટાળેલી ગૃહિણીઓ બહાર જમવાનું વધુ પસંદ કરે છે. પોતાના પરિવાર સાથે હોટલ, રેસ્ટોરન્ટ, ફુડ સ્ટોલમાં જમવા માટે જતા હોવાથી અત્યારે હાલના સમયે વિશેષ ભીડ જોવા મળે છે. શહેરમાં પીઝાથી પાણી પુરી તેમજ ચાઈનીઝ, પંજાબી, ગુજરાતી, કાઠીયાવાડી, સાઉથ ઈન્ડિયન, કોન્ટીનેન્ટલ જમવાનું પીરસતી તમામ જગ્યાઓ પર ચટુકડા નગરજનો દેખાય છે. શહેરના ઘ-૪ થી ઘ-૫ના વિસ્તારમાં હોટલથી લઈ ફુડ સ્ટોલ આવેલા હોવાથી સાંજ ઢળતા જ માનવ મહેરામણ ઉમટે છે. રાત્રીના સમયે આ વિસ્તાર ધમધમતો જોવા મળે છે. દિવાળીના દિવસોમાં નગરજનોનો ધસારો જોઈને વેપારીઓ વણ આગોતરું આયોજન કરી લેતા હોય છે. જેથી ભોજન માટે આવેલા નગરજનોને ભોજન વગર પાછા ઘરે જવું ન પડે. શહેરના ખાણી પીણી બજારમાં નાના બાળકથી લઈ મોટેરાઓ પણ વિવિધ વાનગીની લીજ્જત માણતા દેખાય છે.


સે-૧૬ સ્થિત બ્રહ્મભવન ખાતે સોમનાથ મંદિરમાં ફૂલોની રંગોળી અને દિપમાળાનું આયોજન દિપાવલી પર્વને લઈ કરવામાં આવ્યું હતું તેની તસવીર.

## જિલ્લામાં ફટાકડાથી ૫૦ દાઝયા

### ફટાકડાથી દાઝવાના બનાવોમાં નાના બાળકોની સંખ્યા વધુ

ગાંધીનગર, તા.૧૪

દિવાળીના પર્વ દરમિયાન ગાંધીનગર જિલ્લામાં ફટાકડાથી દાઝયાના ૫૦ જેટલા બનાવો બન્યા છે. સદનસીબે કોઈને જાનહાની થવા પામી નથી. ફટાકડાથી ઈજાગ્રસ્ત બનેલા લોકોએ સરકારી તેમજ ખાનગી દવાખાનામાં સારવાર મેળવી છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ ૨૦ જેટલા દાઝવાના કેસ આવ્યા હતા જેમાં સૌથી વધુ સંખ્યા બાળકોની હતી.

દિવાળી પર્વમાં ફટાકડા ફોડવાનો અનેરો મહિમા છે. રોશનીના હર્ષ ઉલ્લાસના પર્વ દિવાળીની ઉજવણી શહેરમાં ધામધૂમથી થઈ હતી. ફટાકડાઓના અવાજથી નગર ગુંજી ઉઠયું હતું ત્યારે ગાંધીનગર જિલ્લામાં પણ દિવાળીની ફટાકડા ફોડી હર્ષભેર ઉજવણી કરતા કેટલાક લોકો દાઝી ગયા હતા આ દાઝી જવાની સંખ્યા ૫૦ને પાર કરી ગઈ છે. દિવાળીમાં ફટાકડા ફોડતી વખતે શું શું સાવચેતી રાખવી તેની જાહેરાતો તંત્ર દ્વારા વારંવાર ટીવી પર પ્રસારીત કરવામાં આવે છે છતાં પણ લોકો ફટાકડા ફોડતી વખતે ગંભીરતા દાખવતા નથી પરિણામે દાઝી જાય છે.

હાથ પગ પર સામાન્ય ઈજા પહોંચેલા લોકોએ સરકારી દવાખાના તેમજ ખાનગી હોસ્પિટલમાં સારવાર મેળવી છે. શહેરની સિવિલ હોસ્પિટલમાં પણ ૨૦થી વધુ ઈજાગ્રસ્તોએ સારવાર લીધી છે. જેમાં સૌથી વધુ બાળકો નોંધાયા છે. નાના બાળકો ફટાકડા ફોડે છે સાવચેતી ન રાખતા ઈજાગ્રસ્ત બને છે. જો કે સદનસીબે કોઈ જાનહાની થઈ નથી.

## શહેરમાં તસ્કરોએ દિવાળીના મુર્હત કર્યા

### સેકટર-૭, સેકટર-૮, સેકટર-૧૨માં તસ્કરોનો હાથફેરો : ચિલોડામાં પાન-સિગારેટ અને સોપારીની હોલસેલની દુકાનમાંથી પોણા બે લાખના માલ સામાનની ચોરી : ડેપોમાં મુસાફરોના ખિસ્સા કતરાયા : પોલીસ ઉંઘતી રહી...!

ગાંધીનગર, તા.૧૪

દિવાળીના તહેવારો દરમિયાન રજાઓમાં મકાનને તાળા મારીને બહારગામ ગયેલા નગરજનોની માલમિલકતની સલામતી માટે તથા ઘરફોડ ચોરીઓ રોકવા માટે પોલીસે મીટીંગો ગોઠવીને એકશન પ્લાન બનાવ્યા હતાં. પરંતુ તમામ એકશન પ્લાનના તસ્કર ટોળકીઓએ ઠેર ઠેર ચોરી ઘરફોડ અને ઉઠાંતરી કરીને ધજીયા ઉડાવી મુકયા છે. તહેવારોમાં શહેરના સે-૭, સે-૮, સે-૧૨ના બંધ મકાનોમાં તસ્કરોએ સપાટો બોલાવ્યો, ડેપોમાં ખિસ્સા કાતરુઓએ કાળો કેર વર્તાવ્યો અને ચિલોડામાં એક હોલસેલ સિગારેટ-સોપારીની દુકાનના તાળા તોડી પોણા બે લાખથી વધુ કિંમતનો માલસામાન ચોરી કરી ટોળકી ફરાર થઈ ગઈ પરંતુ જિલ્લા પોલીસ ઉંઘતી જ રહી હોવાનો સૂર રેલાયો છે. આટ આટલી ઘરફોડ ચોરીના બનાવો બનવા છતા પોલીસ તંત્રના પેટનું પાણી પણ હલ્યું નથી અને 'હોમગાર્ડ ઓછા થઈ ગયા છે. પોલીસ કયાં કયાં પહોંચે?' કહીને પોતાનો લુલો બચાવ કરી રહી છે. નોંધવું રહેશે કે આ ઘરફોડ ચોરીઓ તો માત્ર પોલીસના કાગળ પર નોંધાયેલી ઘરફોડ ચોરી છે તે ઉપરાંત પોલીસે નહીં નોંધેલી કે નહીં નોંધાવેલી ઘરફોડ ચોરીઓ તો અલગ..!

દિવાળીના દિવસથી ભાઈબીજની મોડી રાત સુધીમાં ચોરીઓ અને ઘરફોડ ચોરીઓના બનાવોએ માઝા મુકી દીધી હતી. તસ્કરો બિન્દાસ્તપણે ચોરીઓ કરીને સરકી ગયા પરંતુ જિલ્લા પોલીસ દળનાં એક પણ 'સિંઘમ'ના હાથમાં કે નજરમાં ચોર આવ્યો નહીં...! સેક્ટર-૭-સી પ્લોટ નં. ૮૬૦/૨ મકાનમાં પ્રવેશ કરીને અંદરથી કોઈ શખ્સ લેપટોપ, ૩ જોડી કપડા, એટીએમ કાર્ડ સહીત કુલ રૂ. ૧૫,૬૦૦ની માલ મત્તાની ચોરી કરી ચોરો ફરાર થઈ ગયા હતા. આ મામલે જયરાજસિંહ ધર્મેન્દ્રસિંહ સોલંકીની ફરિયાદને આધારે સે-૭ પોલીસે ગુનો દાખલ કર્યો છે. તો બીજી તરફ સે-૮-ડી પ્લોટ નં. ૩૮૪માં રહેતા દિલીપભાઈ પ્રભુદાસ પટેલના મકાનના દરવાજાને દિવાળીની રાત્રે ખોલીને અંદરથી રૂ. ૧૫ હજાર રોકડા, મોબાઈલ, બંગડી તથા દાગીના મળી રૂ. ૨૫ હજારનો મુદ્દામાલ ચોરી તસ્કરો સરકી ગયા હતા. દિલીપભાઈએ ફરિયાદ આપતા સે-૭ પોલીસે ગુનો દાખલ કરી તપાસ આરંભી છે. તે ઉપરાંત સે-૧૨-બી જ-ટાઈપ બ્લોક નં. ૧૧૮/૪માં રહેતા નર્મદાબેન ગણપતભાઈ ચાવડાના બંધ મકાનનું તાળુ તોડી તસ્કરો ગઈ કાલે રૂ. ૩ હજાર રોકડા તથા ઘડીયાળ અને દાગીના મળી રૂ. ૬૭૦૦ની મત્તાની ઉઠાંતરી કરી ફરાર થઈ ગયા હતાં. નર્મદાબેનની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધ્યો છે તે ઉપરાંત એસટી ડેપોમાં મુસાફરોની ભારે ભીડ વચ્ચે સંખ્યાબંધ મુસાફરોના ખિસ્સા કપાયા છે જે પૈકી અપુર્વ નિરંજનભાઈ કોરડેએ ફરીયાદ આપી છે. શહેરમાં તસ્કરોએ રીતસરનો સપાટો બોલાવ્યો છે તે ઉપરાંત ચિલોડા પાસે શોપીંગ સેન્ટરને પણ બાકાત રાખ્યું નથી. પાન-બીડી-સિગારેટ અને સોપારી-બિસ્કીટનો જથ્થાબંધ વેપાર કરતા વેપારીની દુકાનનું ગઈ રાત્રી દરમિયાન તાળુ તોડી અંદરથી રૂ. ૧.૮૯ લાખના માલસામાનની ચોરી કરી તસ્કરો ભાગી ગયા હોવાનું ધ્યાને આવ્યું છે. વેપારી પરેશભાઈ કાંતિભાઈ પટેલની ફરિયાદને આધારે ચિલોડા પોલીસે ગુનો નોંધ્યો છે. જિલ્લા પોલીસના ઘરફોડ અટકાવવાના ઓપરેશન ઉત્સવને તસ્કરોએ સપાટો બોલાવી આ એકશન પ્લાનનું જ ઓપરેશન કરી નાંખ્યું છે.

## શહેરમાં ખાનગી વાહનો ન મળતાં મુસાફરો અટવાયા

ગાંધીનગર, તા.૧૪

દિવાળીના પાવન દિવસોમાં શહેરમાં મુસાફરોની સંખ્યામાં વધારો જોવા મળ્યો હતો પરંતુ તહેવારોના સમયે કેટલાક શટલીયા વાહનચાલકો પણ પોતાના વાહનો બંધ રાખે છે જેને પગલે મુસાફરો માટે માત્ર બસ જ વિકલ્પ રહે છે. ખાનગી વાહનો ન મળતા મુસાફરોની હાલત કફોડી બની હતી.

દિવાળીથી લાભપાંચમ સુધી મોટે ભાગે વેપાર ધંધામાં રજાનો માહોલ જોવા મળે છે. જયારે દિપાવલીના દિવસોમાં બહારગામ ફરવા જવા વાળા મુસાફરોની સંખ્યા પણ વિશેષ હોય છે. ત્યારે વર્ષ દરમિયાન ફેરા મારીને થાકી ગયેલા શટલીયા વાહન ચાલકો પણ દિવાળીના દિવસોમાં રજા રાખે છે. શહેર/જિલ્લામાંથી હજ્જારો મુસાફરો આ સમયે અટવાઈ પડયા છે. સમયસર ન પહોંચી શકતા બસ જતી રહેતા કલાકો સુધી બેસી રહેવું પડે છે. દિવાળીના પર્વમાં સગા-સ્નહીજનોને મળવા જતા હોવાથી ટ્રાફિક વધુ હોય છે. એસટી નિગમ દ્વારા વધુ બસો મુકવામાં આવે છે. શટલીયામાં ટેવાયેલા મુસાફરો શટલીયા વાહનો ન મળતા અટવાઈ પડે છે. જયારે વર્ષ દરમિયાન મુસાફરોને એક સ્થળેથી બીજા સ્થળે પહોંચાડતા શટલીયા ધારકો અત્યારે હાલ તો દિવાળીની રજાઓમાં પોતાના પરિવાર સાથે મોજ માણવા બહાર ગયા હોવાથી મુસાફરોને અટવાવાનો વારો આવ્યો હતો.

## શહેરમાં નૂતન વર્ષના મંગલ પ્રારંભે સ્નેહમિલન મેળાવડા

### ઘરના વડીલોના આશીર્વાદ મેળવી, સ્નેહમિલનમાં શુભેચ્છાઓની આપ લે કરી લોકો ધર્મસ્થાનોએ પહોંચ્યા

વિક્રમ સંવત ૨૦૭૨ને ગુરુવારે નૂતન વર્ષનો મંગલ પ્રારંભ થયો છે. શહેરમાં નૂતન વર્ષની સોનેરી પ્રભાતે સૌ કોઈના ચહેરા ઉપર એક અનોખો ઉત્સાહ વર્તાતો હતો. વર્ષોની પરંપરા મુજબ ઘરના વડીલોના આશીર્વાદ મેળવીને નિવાસસ્થાન આજુબાજુના પડોશીઓ સ્થાને સ્નેહમિલન મેળાવડામાં ભાગ લઈ શુભેચ્છાઓની આપ લે કરી લોકો ધર્મસ્થાનોએ ભગવાનના દર્શને નીકળ્યા હતા. શહેરમાં અનેક સ્થાનોએ સ્નેહીજનો સગાસંબંધીઓ અને હિતેચ્છુના સ્નેહમિલન મેળાવડા નવા વર્ષના પ્રારંભે યોજાયા હતા.

નવું વર્ષ દરેક માટે એક નવી આશાઓનું કિરણ લઈને આવે છે. નવા વર્ષે સો કોઈને નવી આશાઓ, નવી સફળતા, સુખ-સમૃધ્ધિ લાવનારુ અને તમામ મનોકામના પૂર્ણ કનારું નીવડે તેવી શુભકામના પાઠવાતી હોય છે. જેમાં વળી સોશીયલ મીડીયા થકી નવા વર્ષના શુભેચ્છા સંદેશાઓની આપ-લે વધી જતા આત્મીયતામાં ઘટાડો જોવા મળી રહ્યો છે પરંતુ શહેરમાં સોશીયલ મીડીયાથી દુર રહી એકબીજાને રૂબરૂ મળ્યાનો આનંદ સ્નેહમિલન



મેળાવડામાં હજુ પણ અકબંધ રહ્યો છે.

સેકટર-૨૩ની સૌરભ સોસાયટીના મેદાનમાં સોસાયટીના વડીલો, નાના મોટા સૌ એકઠા થઈ એકબીજાને શુભેચ્છાની આપ લે કરી વડીલોના આશીર્વાદ મેળવી વર્ષોની પરંપરાને યથાવત રાખી છે. આ પ્રસંગે મોં મીઠું કરી દરેકને નવું વર્ષ સુખ શાંતિ અને આરોગ્ય પ્રદ નીવડે તેવી શુભકામના અપાય છે તેવી જ રીતે શહેરમાં જુદા જુદા સમાજના પક્ષોના અને મિત્ર મંડળોના સ્નેહમિલન મેળાવડા યોજાતા હોય છે. નવા વર્ષના પ્રથમ દિવસે દરેક ધર્મસ્થાનોએ પહોંચી દેવી દેવતાઓના આશીર્વાદ પણ મેળવાવ સૌ કોઈ જતા હોય છે. નવા વર્ષના પ્રથમ દિવસથી જ જાણે કે એક નવી શરૂઆત થઈ હોય તેવો અહેસાસ લોકો અનુભવે છે અને જુની ભુલો અને રીસામણા ભુલી જઈને એકબીજાના ગળે મળી નવા સંબંધોની શરૂઆત કરે છે. આમ દર વર્ષે આવતું વર્ષ દરેકના જીવનમાં એક નવી જ ચેતના જગાવે છે અને તેનો અહેસાસ ઘરે ઘરે અને પોળો, સોસાયટીઓ અને શહેરોમાં થતો હોય છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

## ચિરવિદાય

૧૨, નવેમ્બર

- સ્વ. લાભશંકર રતનલાલ જાની, ઉ.વ.૮૦
- સ્વ. ભઈજીજી અમથાજી ખાંટ, ઉ.વ.૪૨
- સ્વ. રમણભાઈ પ્રભાતભાઈ સોલંકી, ઉ.વ.૬૨
- સ્વ. પિનાકીનભાઈ વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, ઉ.વ.૮૭
- સ્વ. રામાભાઈ બબુભાઈ પ્રજાપતિ, ઉ.વ.૭૩
- સ્વ.કેશાજી જવાનજી ઠાકોર, ઉ.વ.૬૦
- સ્વ. રમેશભાઈ કાળુભાઈ નાયક, ઉ.વ.૪૫

૧૩, નવેમ્બર

- સ્વ. લક્ષ્મણસિંહ બળદેવસિંહ વાઘેલા, ઉ.વ.૬૯
- સ્વ.રામજીભાઈ ભગાભાઈ વાઘેલા, ઉ.વ.૬૮
- સ્વ.જગતસિંહ કનુસિંહ રાઠોડ, ઉ.વ.૪૫
- સ્વ. નટવરભાઈ વિઠ્ઠલદાસ નાયી, ઉ.વ.૪૮
- સ્વ. સુધાબેન વસંતકુમાર શાહ, ઉ.વ.૬૦

૧૪, નવેમ્બર

- સ્વ.હીરાભાઈ રામદાસ પટેલ, ઉ.વ.૭૭
- સ્વ.વેંકટેશ ક્રિશ્નાજી કુલકર્ણી, ઉ.વ.૭૬
- સ્વ. હરિશચંદ્ર નવલસિંહ ચૌધરી, ઉ.વ.૬૪
- સ્વ. કાન્તાબેન હેમતાજી ઠાકોર, ઉ.વ.૬૫